# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

*****************************************************

1. દેશભરમાં પેટ્રોલ, ડીઝલ, LPG અને PNGનો પુરવઠો સામાન્ય રહેવાની કેન્દ્ર સરકારની ખાતરી.
2. આસામ, કેરલમ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પડઘમ શાંત.
3. **મણીપુરમાં કથિત બોમ્બ હુમલા બાદ રાજ્યના ગૃહ વિભાગે ઈન્ટરનેટ સેવ પર પ્રતિબંધ મૂક્યો**
4. **ઈરાનના ઉર્જા માળખા પર ઈઝરાયેલના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યો.**
5. **IPL ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઇંડિયન્સ વચ્ચે આસામમાં મુકાબલો.**

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# GOVT – LPG

સરકારે જણાવ્યું છે કે દેશભરમાં પેટ્રોલ, ડીઝલ, LPG અને PNGનો પુરવઠો સામાન્ય રહેશે નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ વિકાસ અંગે આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે કોઈપણ LPG વિતરણ કેન્દ્ર પર પુરવઠાની અછતનો કોઈ અહેવાલ નથી અને બધા પેટ્રોલ પંપ પર પેટ્રોલ અને ડીઝલ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. શ્રીમતી શર્માએ જણાવ્યું હતું કે LPG સિલિન્ડર ડિલિવરી પણ સરળતાથી ચાલુ છે, અને ઓનલાઇન LPG બુકિંગ લગભગ 96 ટકા સુધી પહોંચી ગયું છે

## Byte –સુજાતા શર્મા

જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં તમામ ભારતીય નાવિક સલામત છે અને ગત 24 કલાકમાં ભારતીય ધ્વજવાળા જહાજો સાથે કોઈ ઘટના બની નથી.

બાઈટ – મુકેશ મંગલ

# ELECTION OVER ALL

આસામ, કેરલમ અને પુડુંચેરી વિધાનસભા ચુંટણી માટેના પ્રચાર પડઘમ આજે શાંત થયા. આસમની 126, કેરલમની 140 અને પુડુચેરીની 30 સીટ માટે ગુરુવારે એક જ ચરણમાં મતદાન યોજાશે. તો પશ્ચિમ બંગાળમાં પહેલા ચરણના મતદાન અને તમિલનાડુ વિધાનસભા ચુંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રની આજે ચકાસણી કરવામાં આવી . ઉમેદવાર ગુરુવાર સુધી તેમના ઉમેદવારી પત્ર પરત ખેંચી શકશે .

તમિળનાડુની તમામ 234 બેઠક પર અને પશ્ચિમ બંગાળની પહેલા તબક્કાની 152 સીટ પર આગામી 23 તારીખે મતદાન યોજાશે.જોકે પશ્ચિમ બંગાળમાં 142 બેઠક પર બીજા તબક્કાનું મતદાન આગામી 29 આગામી તારીખે યોજાશે. 4 રાજ્ય અને એક કેન્દ્ર શાસિત પ્રદેશ માટે મત ગણતરી આગામી 4-મે એ થસે.

# AASAM – KERALAM – ELECTION

આસામ, કેરલમ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થયા. આજે અંતિમ ઘડીમાં, વિવિધ રાજકીય પક્ષોના ટોચના નેતાઓએ  મતદારો રિઝવવા માટેના નક્કર પ્રયાસ હાથ ધર્યા.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આસામના પથરકાંડીમાં ચુંટણી સભાને સંબોધતા કહ્યું જો ભાજપ પશ્ચિમ બંગાળમાં સત્તામાં આવશે, તો બધા ઘુસણખોરોને પાછા મોકલી દેવાશે.

( બાઇટ : અમિત શાહ )

બીજી તરફ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ તેમની પાર્ટી આસામની ૭૨ થી ૭૩ બેઠકો જીતશે.તેવો વિશ્વશ વ્યક્ત કર્યો.

તો ગુવાહાટીમાં પત્રકાર પરિષદમાં તેમણે સરકાર પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો અને આસામના પુત્ર ઝુબીનને ન્યાય ન મળવા બદલ પણ રાજ્ય સરકારને જવાબદાર ઠેરવી હતી.

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, કેરળની વામપંથી સરકારે મંજૂરીના મળવાને કારણે મુડકકઈ -ચુરણમાલા ભૂસ્ખલન પીડિતો માટે પાર્ટી આવાસ યોજનામાં ખૂબ મોડું કર્યું છે કેરળના કલપેટટામાં UDFની

**નુક્કડ સભામાં તેઓએ મુખ્યમંત્રીપીનારાઈ વિજયન પર પણ અનેક પ્રહાર કર્યા હતા**

# ASSAM-SILENCE PERIOD

આસામમાં તમામ 126 વિધાનસભા ક્ષેત્ર માટે નવું એપ્રિલના એક જ તબક્કામાં મતદાન થશે ચૂંટણી પંચે કોઈ પણ જન્મત સર્વેક્ષણ એક્ઝિટ પોલ તેમજ તે સંલગ્ન સર્વેક્ષણ પરિણામ ના પ્રસારણ પર રોગ લગાવી છે કુલ 772 ઉમેદવાર ચૂંટણીના મેદાનમાં છે

રાજ્યમાં સ્વતંત્ર નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થાય તે માટે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે

# Manipur Protest

મણિપુરમાં બીષ્ણુપુર જિલ્લાના ટ્રોંગલાઓબી ગામમાં પર્વતીય વિસ્તારોમાં શંકાસ્પદ આતંકવાદીઓએ ઘર પર બોમ્બ હુમલો કર્યો જેમાં બે સગીરોના મોત થયા છે જ્યારે તેમની માતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે

રાજ્યના ગૃહ વિભાગે આદેશ જારી કરી આ પાંચ ખીણ જિલ્લાઓમાં તાત્કાલિક અષાઢી ત્રણ દિવસ માટે મોબાઈલ ડેટા સેવા ઇન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ મૂક્યો છે

મણિપુરના મુખ્યમંત્રી યુમનમ ખેમચંદે આ હુમલાની ટીકા કરી છે ઇન્ફર્મમાં આજે પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે સરકાર આવેલા ગુનેગારોને શોધી કાઢશે તેમને એમ પણ જણાવ્યું હતું કે આ ઘટનાની સંપૂર્ણ તપાસ એને સોંપાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# WEST –ASIA

ઈરાનના ઉર્જા માળખા પર ઈઝરાયેલના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ વધી ગયો છે. ઈઝરાયલે ઈરાનના સૌથી મોટા ગેસ પ્લાન્ટ, અસલુયેહમાં દક્ષિણ પાર્સ ગેસ ક્ષેત્ર પર હુમલો કર્યો. આ ઘટનાથી બદલો લેવાની અને વૈશ્વિક ઉર્જા પુરવઠામાં વિક્ષેપ પડવાની આશંકા સેવાઈ રહી છે. એક અહેવાલ –

**Byte –જાગૃતિ**

# TURKIYE- ISRAEL ATTACK

તુર્કિયેના ઇસ્તંબુલમાં ઇઝરાયેલના કોન્સ્યુલેટ ઇમારતની બહાર પોલીસ અને હુમલાખોરો વચ્ચે ગોળીબારમાં બે હુમલાખો માર્યા ગયા હતા અને અનેક એક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થય હતા. અહેવાલ અનુસાર,આ ઘટનાક્રમમાં બે પોલીસ અધિકારીઓ પણ ઈજાગરાત થયા હતા આ ઘટના નાણાકીય પાટનગરમાં ઇઝરાયેલના કોન્સ્યુલેટ નજીક એક ટાવરની બહાર બની હતી

દરમિયાન વર્ષ 2023માં હમાસ-ઇઝરાયલ સંઘર્ષ શરૂ થયો ત્યારથી ઈઝરાયેલના કોન્સ્યુલેટ નજીકના વિસ્તારમાં ભારે સશસ્ત્ર પોલીસ તહેનાત  કરવામાં આવી છે

# VIETNAM-PRESIDENT

વિયેતનામના કોમ્યુનિસ્ટ પાર્ટીના જનરલ સેક્રેટરી તો લામને સંસદ દ્વારા સર્વાનુમતે પાંચ વર્ષના કાર્યકાળ માટે દેશના રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા છે. સંસદે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સભાના સત્રમાં હાજર રહેલા તમામ 495 પ્રતિનિધિએ કોમ્યુનિસ્ટ પાર્ટીના નામાંકનને ટેકો આપ્યો હતો, જ્યારે પાંચ સભ્યો ગેરહાજર રહ્યા હતા.

# MAHA-CABINET DECISIONS

મહારાષ્ટ્ર મંત્રીમંડળે ઇલેક્ટ્રોનિક્સ, માહિતી ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) માટે એક નવા અને સ્વતંત્ર વિભાગની સ્થાપનાને મંજૂરી આપી છે. આજે મુંબઈમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય કરાયો. માહિતી ટેકનોલોજી નિયામક મંડળને ઇલેક્ટ્રોનિક્સ, માહિતી ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમતા કાર્યાલયમાં રૂપાંતરિત કરવામાં આવશે.

.

# JAISHANKAR- INDIA AFRICA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં ભારત અને આફ્રિકા સંબંધો પર સલાહકાર સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ ચર્ચામાં આફ્રિકન દેશો સુધી ભારતની પહોંચ, જેમાં વેપાર અને રોકાણ, ક્રેડિટ લાઇન્સ અને અનુદાન, ક્ષમતા નિર્માણ, ખાસ કરીને શિક્ષણ અને કૌશલ્ય, પર ચર્ચા કરવામાં આવી.સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે આ બેઠકમાં ભારતના ઐતિહાસિક સંબંધો અને આફ્રિકા સાથેના લોકો વચ્ચેના મજબૂત જોડાણ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

# EVE IPL

ઇંડિયન પ્રીમિયર લીગ IPL ટી -20 ક્રિકેટ મેચમાં આજે રાજસ્થાન રોયલસ અને મુંબઈ ઇંડિયન વચ્ચે મુકાબલો થશે. આસામમાં ગુવાહાટીના બારસપરા ક્રિકેટ સ્ટેડિયમમાં વરસાદ થતાં હાલ પૂરતી મેચ મુલતવી રખાઈ છે.

પોઈન્ટ ટેબલમાં રાજસ્થાનની ટીમ ત્રીજા અને મુંબઈની ટીમ છઠા ક્રમાંકે છે.ગઇકાલે પણ કોલકતા નાઈટ રાઈડર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ વરસાદના કારણે રદ થઈ હતી .

# Fishermen released

શ્રીલંકાની જેલમાંથી મુક્ત થયેલા ત્રીસ ભારતીય માછીમારો આજે ફ્લાઇટ દ્વારા ચેન્નાઈ પહોંચ્યા. રામેશ્વરમ અને કરાઈકલના માછીમારો પંબન નજીક માછીમારી કરી રહ્યા હતા.ટે વખતે શ્રીલંકાના નૌકાદળે તેમને આંતરરાષ્ટ્રીય સીમા માં પ્રવેશ કરવા બદલ ધરપકડ કરી હતી ત્યારબાદ તેમને અદાલતમાં રજૂ કરાયા અને શ્રીલંકાની જેલમાં ધકેલી દેવાયા.રાજદ્વારી માધ્યમોના હસ્તક્ષેપ બાદ, તેમને ભારતીય અધિકારીઓને સોંપાયા અને ભારત પાછા મોકલાયા.